વંચાણે લીધા : પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૯/૨૦૧૮, તા.૧૯/૫/૨૦૧૮

## જાહેરનામું

### પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૭ /૨૦૧૮, તા. ૧૮/ ૯ /૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૫/૯/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો-પાર્કીંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત જનપથ ટી ચાર રસ્તાથી મૈત્રી શિવ ગ્રીન્સ કોમ્પલેક્ષ મોટેરા ગામ વડ સુધીના રસ્તા ઉપર ૯-મીટર જેટલું બેરીકેડીંગ કરી અને બાકીનો ૭-મીટર જેટલો ખુલ્લો રહેનાર છે અને આ રૂટ ઉપર આવતા જનપથ ટી ચાર રસ્તાથી ઇન્દિરાનગર કટ સુધીના રોડ ઉપર મેટ્રો રેલ સબબ પીલ્લર બનાવવાની કામગીરી શરુ કરનાર હોવાથી તા.૧૫/૯/૨૦૧૯ સુધી ફક્ત એટલા જ રોડ ખાતે રોડ ઉપર ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરી અને બાકીનો ૪-મીટર જેટલો રોડ ખુલ્લો રાખી સદરહું રોડ વન-વે રહેનાર છે. એટલે કે વાહન ચાલકો મોટેરાગામ તરફથી જનપથ ટી ચાર રસ્તા તરફ જ આવી શકશે પરંતુ જનપથ ટી ચાર રસ્તાથી ઇન્દિરાનગર (મોટેરાગામ) તરફ જઇ શકશે નહી.

**વૈકલ્પિક રુટ :** જનપથ ટી ચાર રસ્તાથી ઇન્દિરાનગર (મોટેરાગામ) તરફ જવા માટે જનપથ ટી ચાર રસ્તાથી સીધા આગળ ઓ.એન.જી.સી. કટ તરફ જતા ઓ.એન.જી.સી. વર્કશોપ કટ લક્ષ્મી કોમ્પલેક્ષ ચાર રસ્તાથી જમણી તરફ વળી મુખ્ય રોડ ક્રોસ કરી સર્વિસ રોડથી ડાબી તરફ વળી આગળ થઇ મોટેરા ક્રોસ રોડ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડની સામેના ભાગેથી જમણી તરફ વળી ઇન્ડસ હોસ્પીટલ થઇ આગળ જતા ઇન્દિરાનગર કટ થી ડાબી તરફ વળી મોટેરાગામ તરફ જઇ શકાશે.

**નોંધ : ઉપરોક્ત રોડ ભારે વાહન માટે પ્રતિબંધ રહેશે. તેમજ "નો-પાર્કીંગ ઝોન" રહેશે તથા જરૂરી જુદા જુદા અંદાજીત ૪.૫ મીટર જેટલા ઉંચાઇના હાઇટર લગાવવામાં આવશે.**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૫/૯/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૮/૯/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૮/૯/૨૦૧૮
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર